

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*જાગે છે તરસ, ચરસ નશે, ફારસ થાઉં છું,*
*ખપતો નથી કોઈને, છતાં વાયરસ થાઉં છું,*
*વરસો વહી જશે સોનાનો સૂરજ ઉગવામાં -*
*ખાવા ન કંઈ, મોંઘવારીમાં, ઉધરસ ખાઉં છું.*

હાઈકુ

*જપ્તી પછી શું ?*
*માલ્યાઓની મૂડીનું ?!*
*CBI છે ને !*
*(વ્હેંચી લે - ઝગડે નહીં તો-)*

*આપો ચૂકાદા,*
*અમને પૂછીને જ*
*ચૂંટણી સુધી...*
*(સુપ્રીમ ને સલાહ)*

### ચિંતન

**મન મર્કટ મન ચાતુરી, મન રાજા, મનરંક,**
**જો મન હરજી કો મિલે, (તો) હરજી મિલે નિઃશંક**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

કબીર કહે છે કે આ સંસારમાં અનેક પ્રકારના લોકો જોવા મળે છે. કોઈ રાજા જેવા છે તો કોઈ રંક છે. કોઈ ચતુર છે તો કોઈ વાંદરા જેવો કયાંક સ્થિર ન રહી શકે એવા લક્ષણ વાળો હોય છે. ખરેખર તો આ તફાવત શરીરને નહીં પણ મનને લાગતો હોય છે. માટે તેને જો પ્રભુ સ્મરણમાં લગાવવામાં આવે, જો સાચા ગુરુનો સાથ મળે તો તેને પ્રભુમાં પ્રીતિ થતાં વાર ન લાગે. અને તો તે મન મર્કટ સ્થિર થઈ ધાર્યું લક્ષ્ય પ્રાપ્ત કરી શકે.

મન મજબૂત મલ્લ જેવું છે. મન ધારે તો ગમે તેવા પહોંચેલા પહેલવાનોને પણ જમીનદોસ્ત કરી નાખે અને મન નબળું પડે તો રાંકડુ-માંકડું પણ બીની જાય. માણસ મનથી રાજા અને મનથી ગુલામ બને છે.

મનને ઈશ્વર પ્રાર્થનામાં પ્રવૃત્ત રાખો.

### સુવિચાર

- માંસ તો ઘણા જ જળચર ખાય છે પણ શાર્કને ફાળે જ અપજશ આવે છે - **સ્પેનિશ કહેવત**
- ગુલાબ સતત જોખમમાં હોય છે, પરંતુ થોરિયો જોખમ વિના જીવતો હોય છે - **ગુણવંત શાહ**
- કોઈ પણ માણસના ઉલ્લાસભર્યા બે ભેરું છે, એક છે તેનો સુસંસ્કૃત આત્મા, અને બીજું પ્રફુલ્લિત મન - **ઓશો**
- દુનિયામાં હજારો ભાષાઓ છે અને એનાથી ત્રણ ગણી બોલીઓ છે પણ બધે જ સમજી શકાતી એવી ભાષા તો એક જ છે - 'પૈસાની ભાષા' - **બકુલ ત્રિપાઠી**
- રામ રડી શકે છે, રાવણ રડી ન શકે - **મુંબઈ સમાચાર**
- માત્ર શાસ્ત્ર વાંચીને ઈશ્વરને જાણવો તે એવું છે કે ખાલી નકશામાં બનારસ જોઈને કોઈને તેનું વિવરણ સંભળાવવું - **રામકૃષ્ણ પરમહંસ**
- આજનું ઔષધ : અરીઠાના નવશેકા પાણીથી સ્નાન કરવાથી ખરજવું અને ઝીણી ફોલ્લીઓમાં લાંબા ગાળે રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

માણસ શોરને 'જન્મસિદ્ધ અધિકાર' માને છે. એને બદલે મૌન સર્વોત્તમ ભાષણ છે એવું જો સમજતો હોત તો એની કેટલી બધી ઉપાધિઓ ઓછી થઈ જાત ? વાણી એ શબ્દોની અનાવશ્યક લ્હાણી માટેનું માધ્યમ નથી. હકીકતમાં શોર એ માણસની સમજશક્તિનું દેવાઓળું છે, આંતરિક ખાલીપાવાળા માણસો ગરજે છે. આંતરિક સમૃદ્ધિવાળા લોકો મૌનનો મહિમા સમજીને મલકે છે. એક માણસનું પાલતું કૂતરું ભરબપોરે ભસતું હતું. આ ભશવાને કારણે પડોશીની ઊંઘમાં ખલેલ પડી. એટલે તરત એ પેલા શ્વાસના માલિકને રૂબરૂ મળવા ગયા. અને કહ્યું, 'તમને કૂતરા પાળવાનો શોખ છે તો એમને કેળવવાની પણ આદત રાખો.' કૂતરું જાણે આ વાત સાંભળતું અને સમજતું હોય તેમ ભસતું બંધ થઈ ગયું. એટલે પડોશીએ ઉમેર્યું, 'આશ્ચર્ય થયું કે તમારું કૂતરું જાણે મારી ફરિયાદ સાંભળી ચૂપ થઈ ગયું. ભારે સમજું અને જાતવાન લાગે છે.' કૂતરાના માલિકે તક ઝડપી લેતાં કહ્યું, 'હા, કદાચ એ મૌન ધારણ કરીને એમ કહેવા ઈચ્છે છે કે હું માણસ પાસેથી બોલવાનું નહીં શીખી શકું, પણ માણસ મારી પાસેથી ચૂપ રહેવાનું શીખે તોય ઘણું.' પડોશીને પોતાની ભૂલ સમજાઈ, શ્વાનના માલિકને દુભવ્યા બદલ દુઃખ થયું.

# દેશમાં આર્થિક અંધાધૂંધીના એંધાણ

**તંત્રીસ્થાનેથી...**

એક તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દુનિયાની સૌથી ઊંચી પ્રતિમાનું અનાવરણ કરી ગૌરવ અનુભવે છે, સરદારની ઊંચાઈએ પોતાની જાતને સ્થાપિત કરવાનાં સોનેરી સપનાં જુએ છે અને આગામી સમયગાળામાં ભારત એની પ્રાચીન ગરિમા પુનઃ પ્રાપ્ત કરવા સંકલ્પબદ્ધ હોવાનો પ્રજાને સધિયારો બંધાવતા રહે છે ત્યારે બીજી તરફ એમની શાસનપદ્ધતિ કેટલી ઉડાઉ અને ખર્ચાળ છે એના અહેવાલો પ્રગટ થતા રહે છે. સવિશેષ અદલ જે મુદ્દે સરદાર પટેલ અને ગાંધીજી દેશના અર્થતંત્રને ગ્રામકેન્દ્રી બનાવી ગ્રામ સ્વરાજ માટે મથતા હતા, પોતે પણ સાવ સાધારણ, છેવાડાના માનવી જેટલી સાદાઈભરી જીવનશૈલી અપનાવી થીંગડાવાળાં કપડાંથી અથવા ગાંધીજી તો લગભગ કપડાં વગર જ ચલાવી લેતા હતા ત્યારે વર્તમાન નેતાઓ કેવા ભપકા અને દેખાડા કરે છે તે કોઈથી અજાણ્યું નથી. પ્રતિમા પાછળનો ઉદ્દેશ ગમે તેટલો સારો હોય પરંતુ એની પાછળ કયારેલ નાણાંનો બેશુમાર વેડફાટ એ આ દેશની અર્થવ્યવસ્થાને અનુકૂળ નથી એટલું તો સાદી સમજ ધરાવતો નાગરિક પણ સમજી શકે એમ છે અને અર્થશાસ્ત્રના ખેરખાં પણ એની એ સમજણ સાથે સહમત થાય છે. વર્તમાન સરકાર સૌથી વધુ નિષ્ફળ ગઈ હોય તો અર્થવ્યવસ્થા ક્ષેત્રે. એની પાસે જે એકાદ રઘુરાજન જેવો સારો અર્થશાસ્ત્રી હતો એ પણ નારાજ થઈને વિદેશ ચાલ્યો ગયો છે અને એનું સ્થઆન લેનાર ઊર્જિત પટેલને પણ હવે બલિનો બકરો બનાવી ગાંસડાં પોટલાં બંધાવવાની તૈયારીઓ થઈ રહી છે. યોજના આયોગનું નામ બદલી એને નીતિ આયોગની રૂપકડી બાટલીમાં સીલ કર્યા પછી મોદીના એક સમયના પ્રશંસક પાનગઢિયા પણ ભ્રમનિરસન થતાં પાછા વળી ગયા છે. નાણાંમંત્રીઓની યાદીમાં સૌથી નિષ્ફળ નાણાંમંત્રી તરીકેની 'પ્રતિષ્ઠા' પ્રાપ્ત કરી ચૂક્યા હોવા છતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચૂં કે ચા નથી કરી શકયા અને મુડદાલ નાણાંમંત્રી સાપની જેમ ફેણ ચડાવીને દેશના ધનભંડારનું રખોડું કરવાનો દેખાડો કરી રહ્યા છે. બેન્કોની એનપીએ વધવા પાછળ રિઝર્વ બેન્કની પૉલિસી જવાબદાર છે અને મનમોહનસિંહ સરકારના શાસનકાળમાં આડેધડ ધીરાણ કરી દેશને દેવાળિયો બનાવી દેવાયો છે - એવી વાહિયાત રજૂઆત કરનારા અરુણ જેટલી સાથે નિરાંતે ગુફતેગૂ કરીને અબજોના લૂંટારા દેશ છોડી ગયા છે તે કોણ નથી જાણતું ? નીરવ મોદી, મેહુલ ચોકસી કે વિજય માલ્યાનાં અબજોનાં કૌભાંડ વર્તમાન કેન્દ્ર સરકારની રહેમનજર હેઠળ થયાં છે છતાં જેટલી એ બધાએ આવડી મોટી રકમની લોનો તો મનમોહન સરકારના શાસનકાળ દરમિયાન મેળવી હતી, એવાં તારણો કાઢી પ્રજાની આંખોમાં ધૂળ નાખવાનો પ્રયાસ કર્યો છે. નોટબંધી અને જીએસટીના ફતવાથી દેશનું અર્થતંત્ર તળિયે બેસી ગયું છે. ખુદ ભાજપના નેતા અને અર્થશાસ્ત્રી સુબ્રમણ્યમ સ્વામી જેટલીને વહેલી તકે પાણીચું પકડાવવાની ઝુંબેશ ચલાવતા રહ્યા છે પણ મોદી માટે જેટલી અસ્કયામત છે, ભલે દેશ માટે એ મસમોટી જવાબદારી બની રહ્યા હોય.

# ઘર ઘર દીવડા પ્રગટાવ્યા...!



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

એ દિવસ આસો વદ અમાસનો હતો. શ્રીરામનો વિજય પ્રવેશ અયોધ્યામાં થવાનો હતો. અયોધ્યા આનંદથી ભરપૂર હતી અને સંતોષથી સુખી હતી. એમનો અતિપ્રિય યુવરાજ ચૌદ વર્ષ પછી, સમર્થ શત્રુરાજયને ધ્વસ્ત કરીને એવી જ અતિપ્રિય યુવરાજ્ઞી સીતાને છોડાવીને પાછો ફરતો હતો. નગરજનોએ પોતાના ઘરોને સાફસૂથરા સ્વચ્છ કર્યા; તોરણો અને ધજાપતાકાઓથી સણઘાર્યા. રાજમાર્ગો લાલ અને ભૂરા કમળોથી સુશોભિત કર્યા. શેરીઓમાં ચંદનજળનો છંટકાવ કર્યો. સાંજે સમગ્રનગરમાં હારબંધ દીવાઓ કર્યા.




ત્યારથી આ દિવસ આનંદ ઉલ્લાસનું પર્વ - પર્વ નહિ મહાપર્વ બની ગયો. આ દિવસે આ બધું જળવાઈ રહ્યું. દીવાઓની હારમાળા - કીપોની આવલી - ને કારણે આ દિવસ દીપાવલી - દીવાળી તરીકે પ્રતિષ્ઠિત થઈ ગયો.

એ સમયથી શ્રીરામનું ચરિત્ર લોકપ્રસિદ્ધ તો હતું જ. આદિ કવિ મહર્ષિ વાલ્મિકીએ અને મહાકાવ્યમાં ઉતાર્યું. આ રામનું ચરિત્ર - રામનું અયન - હતું. 'રામાયણ' તરીકે પ્રતિષ્ઠા પામ્યું.

રામાયણની સાથે એના કવિને પણ સારી પ્રતિષ્ઠા મળી. કંબોડિયાં ઈ. સ. ૬૫૧ - ૭૦૦ ના સમયનું વાલ્મિકી મંદિર છે. આ મંદિરની દિવાલ ઉપરના લેખમાં વાલ્મિકીને ભગવાન વિષ્ણુના અવતાર ગણાવ્યા છે.

ભારતના વ્યાપારી સંપર્કો વિદેશી સાથે હતા. એથી સાથોસાથ રામાયણનો પણ પ્રસાર થતો રહ્યો.

આમાનો એક થાઈલેન્ડ છે. થાઈલેન્ડ એટલે મુક્ત પ્રજાનો દેશ. અહીં રામકથાનો પ્રભાવ ખૂબ રહ્યો. કોઈ પણ વંશનો શાક હોય. એ પોતાને રામ તરીકે જ ઓળખાવે. લોકોનાં નામ પણ મહદંશે રામાયણનાં પાત્રો પરતી હોય.

અહીંના એક શાસક રાજાએ ઈ.સ. ૧૩૫૦માં નગરનું નિર્માણ કર્યું. એને અયુદ્ધા નામ આપ્યું. આ નગર નિર્માણ એણે ભારતમાનાં અયોધ્યા નગરને આધારે કર્યું.

અહીંના લોકોને શ્રદ્ધા છે કે રામચરિત્ર ખરેખર તો અમારા દેશનું છે. ઈ.સ. ૧૭૬૭માં આ નગર ધ્વસ્ત થયું, પછી બેંકકોકનું મહત્ત્વ વધ્યું. બેંગકોકનો અર્થ છે - ઈશ્વરના સંદેશાવાહકોનું નગર.

અહીંની રામકથાઓ વાલ્મિકી રામાયણથી પ્રેરિત રહી છે. કથા માળખું સ્વીકારી લે, પછી પોતાની રીતે ફેરફાર કરે. રામકથા માટે થાઈ ભાષામાં રામકિયેન શબ્દ છે. રામકિયેન એટલે રામની કિર્તી. અહીંના વિદ્વાન સાહિત્યપ્રેમી શાસકો ભક્તિ અને શ્રદ્ધા સાથે પોતાની માતૃભાષા થાઈમાં કાવ્ય સર્જન કરે. આ સૌમાં રત્નકોશી વંશના પહેલા શાસક રામની રચના રામકિયેન મહાકાવ્ય પરિપૂર્ણ છે અને સર્વોત્તમ છે.

દિલ્હી યુનિવર્સિટીના પ્રા. ડૉ. સત્યવ્રત શાસ્ત્રી બેંકકોકની શિલ્પાકાર યુનિવર્સિટીમાં મુલાકાતી પ્રાધ્યાપક હતા. એમનો રામકિયેનને આધારે સંસ્કૃતમાં રામકીર્તિ મહાકાવ્યની રચના કરી છે. એપ્રિલ ૧૯૯૦માં આનું પ્રકાશન થયું છે. આમાં ૨૫ સર્ગમાં ૧૨૦૯ શ્લોક છે. દરેક શ્લોક સાથે અંગ્રેજ અને થાઈ ભાષામાં અનુવાદ છે. આની પ્રસ્તાવના અંગ્રેજીમાં અહીંની વિદૂષિ રાજકુમારી સિરિન્થૌર્ન એ લખેલી છે.

મહાપર્વ દીપાવલી સાથે સંકળાયેલી આ બધી ઘટનાઓ ખરેખર સુખદ આશ્ચર્ય પ્રગટાવે છે.

# ભારતીય અંતરિક્ષ કાર્યક્રમની શરુઆત કયારથી થઈ ?



## ખજાનો

અનિલ પટેલ

### વિજ્ઞાન જગત

૧ રાયોટ દરમિયાન વપરાતાં અશ્રુવાયુનું વૈજ્ઞાનિક નામ શું છે ?
(અ) હાઈડ્રોજન સલ્ફાઈડ (બ) એમોનીયા
(ક) મિથાઈલ સાઈનાઈડ (ડ) સી.એફ.સી.

૨ કેલ્વીન શું માપવા વપરાય છે ?
(અ) હવાની ઘનતા (બ) તાપમાન
(ક) ધ્વનીની તીવ્રતા (ડ) પ્રવાહીની ઘનતા

૩ લાઉડ સ્પીકરની શોધ કોણે કરી હતી?
(અ) જે.સી. બોઝ (બ) માર્કોનીએ
(ક) ફેરાડેએ (ડ) હોરેસ શોર્ટ

૪ ભારતીય અંતરિક્ષ કાર્યક્રમની શરુઆત કયારથી થઈ ?
(અ) ૧૯૬૦ (બ) ૧૯૬૨
(ક) ૧૯૬૫ (ડ) ૧૯૬૮

૫ પોટેશિયમ એલ્યુમિનિયમ સલ્ફેટ એ કયા પદાર્થનું રાસાયણિક નામ છે ?
(અ) ચૂનો (બ) ફટકડી
(ક) મોરથૂથું (ડ) આરસ

૬ નોટીકલ માઈલ કયું અંતર માપવા વપરાય છે ?
(અ) જમીન પરનું (બ) દરિયાઈ અંતર
(ક) અવકાશનું (ડ) બરફીલા પહાડોનું

૭ મેમથ પ્રાણી કોનું પૂર્વજ ગણાય છે ?
(અ) હાથી (બ) જિરાફ
(ક) ગેંડા (ડ) ભેંસ

૮ બી.સી.જી.ની રસી કોણે શોધી હતી ?
(અ) બ્રેટિંગ (બ) રાલ્ફ વેઝવુલ્ડ
(ક) એડવર્ડ જેનર (ડ) યુરિન કાલમેટ

૯ પામોલોજીક્ષેત્ર શાનું અધ્યયન કરવા માટે છે ?
(અ) અળશીયાનું (બ) ફળોનું
(ક) મધમાખીનું (ડ) માછલીઓનું

૧૦ કમળાના રોગમાં શરીરનું કયું અંગ સૌથી વધુ પ્રભાવિત થાય છે ?
(અ) જઠર (બ) યકૃત
(ક) કિડની (ડ) આંતરડા

૧૧ સેન્ટ્રલ મેન્ગો રિસર્ચ સેન્ટર કયા આવેલું છે ?
(અ) વલસાડ (બ) જૂનાગઢ
(ક) લખનૌ (ડ) નાગપુર

૧૨ શુદ્ધ પાણીના પી.એચ.નું મુલ્ય કેટલું હોય છે ?
(અ) એક (બ) સાત
(ક) નવ (ડ) ચૌદ

૧૩ એસ્કોર્બીટ એસિડ કયા વિટામીનું રાસાયણિક નામ છે ?
(અ) વિટામીન-એ (બ) વિટામીન -બી
(ક) વિટામીન-સી (ડ) વિટામીન-ડી

૧૪ હૃદયના ધબકારાને નિયંત્રિત કરનાર હોર્મોન કયો ?
(અ) થાયરોકસીન (બ) સ્ટેલીન
(ક) રાઈબોઝોમ (ડ) ટાઈલીન

૧૫ ટાઈટન કયા ગ્રહનો સૌથી મોટો ઉપગ્રહ છે ?
(અ) ગુરુ (બ) મંગળ
(ક) શનિ (ડ) પૃથ્વી

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૨ નવેમ્બર :**
  - ભારતમાં વિજ્ઞાન-શિક્ષણ પર ભાર મુકનાર ડૉ. મહેન્દ્ર સરકારની જન્મજયંતિ (૧૮૩૩)
  - નિરક્ષણ છતાં રાજયમાં શિક્ષણ અને વિદ્વતાને પ્રાધાન્ય આપનાર રણજિતસિંહનો જન્મદિવસ (૧૭૮૦)
  - બોલીવુડ કિંગ શાહરૂખ ખાનનો જન્મદિવસ (૧૯૬૫)
  - મનુભાઈ પંચોલી (દર્શક)નો જન્મદિવસ (૧૯૧૪)
- **૩ નવેમ્બર :**
  - ચરિત્ર અભિનેતા, ફિલ્મ નિર્માતા પૃથ્વીરાજ કપૂરનો જન્મદિવસ (૧૯૦૬)
  - 'ધરતી' માસિક શરૂ કરનાર સમાજસેવક તથા સ્વાતંત્ર્ય સેનાની ચંદ્રવદનભાઈ લશ્કરીનો જન્મદિવસ (૧૯૨૨)
  - ત્રિશૂલ મિસાઈલનું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું (૧૯૯૧)
  - નોબેલ પારિતોષિક વિજેતા અમર્ત્યસેનનો જન્મદિવસ (૧૯૩૩)
  - વિશ્વપ્રસિદ્ધ અંગ્રેજી અખભાર 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' પ્રથમ મુંબઈમાં પ્રકાશિત થયું (૧૮૩૮)
- **૪ નવેમ્બર : (યુનેસ્કો દિવસ)**
  - મહાન ક્રાંતિકારી વાસુદેવ બલવંત ફડકેની જન્મજયંતિ (૧૯૪૫)
  - બંગાળી નાટ્યશાસ્ત્રી અહીન્દ્ર ચૌધરીનું નિધન (૧૯૭૪)
  - સુપરહીટ સંગીતકાર જોડી 'શંકર-જયકિશન'ના જયકિશન પંચાલનો જન્મદિવસ
  - જમનાલાલ બજારની જન્મજયંતિ (૧૮૮૯)
  - શકુંતલા દેવીની જન્મજયંતી (૧૯૩૯)
- **૫ નવેમ્બર**
  - વીજ ચુંબક પર સંશોધન કરનાર વૈજ્ઞાનિક જેમ્સ ફલર્ડ મેક્સવેલનું નિધન (૧૯૭૯)
  - સંગીત શિરોમણી ઉત્સાહ 'ફૈયાઝખાં' નું નિધન (૧૯૫૦)
  - કર્મવીર દેશબંધુ ચિત્તરંજનદાસની જન્મજયંતિ (૧૮૭૦)
  - મંગળયાન રોકેટ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું (૧૯૧૩)
  - તોફાની બેટ્સમેન વિરાટ કોહલીનો જન્મદિવસ (૧૯૮૯)
- **૬ નવેમ્બર :**
  - અબ્રાહ્મ લિંકન અમેરિકાના બીજી વખત રાષ્ટ્રપ્રમુખ બન્યા (૧૮૬૫)
  - સાહિત્યકાર અરદેશર ફેરામજી (ખબરદાર)
  - જોહાનિસબર્ગમાં ગાંધીજીની ધરપકડ (૧૯૧૩)
  - ભોપાલ ખાતે હેવી ઈલેકટ્રીકલ કારખાનાની શરુઆત (૧૯૬૦)
  - 'આદિલ' મનસુરીની પુણ્યતિથી (૨૦૦૬)
- **૭ નવેમ્બર : (બાલ સુરક્ષાદિન/રાષ્ટ્રીય કેન્સર જાગૃતતા દિવસ)**
  - નોબેલ પારિતોષિક વિજેતા સી.વી. રામનનો જન્મદિવસ (૧૮૮૮)
  - દરદાર અભિનેતા કમલ હસનનો જન્મદિવસ (૧૯૫૪)
  - ગુર્જર વૈજ્ઞાનિક ડૉ. પંડિત ભગવાન ઈન્દ્રજીની જન્મજયંતિ (૧૮૩૯)
  - મેરી ક્યુરીની જન્મજયંતિ (૧૮૬૭)
- **૮ ઈન્ટરનેશલ રેડીયોલોજી ડે**
  - માઈક્રોચીફના સહશોધક જેક સેન્ટ કલેર કિલ્બીનો જન્મદિવસ (૧૯૨૩)
  - લાલકૃષ્ણ અડવાણીનો જન્મદિવસ (૧૯૨૭)
  - લોકપ્રિય પોપ સિંગર ઉષા ઉત્થુપનો જન્મદિવસ (૧૯૪૭)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**શબરીમાલા યાત્રાધામ કયા રાજયમાં આવેલ છે ?**

**જવાબ : કેરલ**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો.જુ.સા. કૉલેજ
(૩) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૪) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪
(૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) મહેશ જાદવ : રાયસણ

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**સરદાર પટેલની પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના ૯૩ વર્ષીય શિલ્પકારનું નામ શું ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# સમત્વનું સાચું સુખ



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

જુદા જુદા પ્રકારના પચ્ચીસ વાદ્યો વાગતાં હોય, પાંચ વ્યક્તિઓ સાથે ગાતી હોય છતાં એ ઓરકેસ્ટ્રામાં



સંવાદતા હોય છે. રિધમ હોય છે, કકળાટ નથી હોતો. આને જ કળા કહેવાય છે. એવી જ રીતે જીવનમાં સંવાદિતા લાવવી હોય તો સમતા કેળવવી પડે. સમતામય જીવન એટલે જ સંગીતમય જીવન, કળામય જીવન, તાલમય જીવન. એવી વ્યક્તિનું મકાન નાનું હોય, એમાં ઓછી સગવડ હોય તો પણ ત્યાં આનંદ હશે. પ્રેમ હશે, શાંતિ હશે. તેથી ઉલ્ટું મોટું મકાન હોય, ઘણી જ સગવડો અંદર હોય છતાં મકાન માલિકના હૈયામાં સમતા નહિ હોય તો ત્યાં સંગીત નહીં હોય. હશે માત્ર કલહ, કંકાસ અને કજિયા.

મથરા ન હોય તો રામાયણ જુદું જ હોત. મંથરાએ કૈકેયીનું સંગીત તોડ્યું તેથી વિસંવાદિતા પ્રગટી અને ૧૪ વર્ષ સુધી આ અયોધ્યાને દુઃખમાં ડૂબાડી. જો એક મંથરાં આટલું બધું કરી શકતી હોય તો ઘણી મંથરાઓ ભેગી થઈને શું ન કરી શકે ? અધ્યાત્મ - શાસ્ત્રોએ મેળવવા યોગ્ય કિમતી ચીજ 'સુખ' એમ નથી કહ્યું પણ 'આનંદ' છે. એમ કહ્યું છે. કારણ સુખ અને દુઃખ તો સાંયોગિક છે. સુખ એટલે અનુકૂળ સંયોગ અને દુઃખ એટલે પ્રતિકૂળ સંયોગ. એ થોડો સમય ટકે પછી ચાલ્યા જાય. પરંતુ જો આનંદ એક વખત માણસ પાસે આવી જાય તો પછી તે કયારેક પાછો જતો નથી. પણ શાશ્વત રહે છે. કારણ આનંદ શાશ્વત એવા ધ્યાન અને સમાધિમાંથી પ્રાપ્ત થાય છે. સુખ અને દુઃખ તો સંયોગ વ્યક્તિ અને વસ્તુને આધીન છે. તેથી તો ટીવી જોવા બેઠા ત્યારે વીજળી જાય તો દુઃખ થાય છે અને ઘડી પછી વીજળી આવે તો સુખ થાય છે. આ કારણે જ આધ્યાત્મ - શાસ્ત્રો સુખ અને દુ-ખથી પર થવાની વાત કરે છે. નરસિંહ મહેતાએ ગાયું છે કે, 'સુખ - દુઃખ મનમાં ન આણીએ રે, ઘટ સાથે રે ઘડિયાં, અને ભગવદ્ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને કહ્યુંકે 'દુઃખેષુ અનુદ્વિગ્ન મન સુખિષુ વિગત સ્પૃહ...' દુઃખમાં મનને ઉદ્વેગ ન કરીશ અને સુખમાં લેપાઈશ નહિ.' એનું કારણ એ છે કે સુખ અને દુઃખ એ બંને દ્વંદ્વ છે. માટે એ બંને અવસ્થામાં સમતા રાખવી અને માણસે નિર્દ્વંદ્વ અવસ્થા પ્રાપ્ત કરવી જોઈએ કોઈ માણસ પોતાનો ચહેરો બીજાના ચહેરા કરતાં ઓછો રૂપાળો લાગે છે, તેથી તે દુઃખ અનુભવે છે. હવે એ કહો કે તેનો પોતાનો ચહેરો શું ખોટો હતો કે એને આમ તુલના કરવી પડી. એક ભાઈ પાડોશીના ઘરે ગયા ત્યાં પાડોશીની પત્ની તેના પતિની વધુ કાળજી લેતી દેખાઈ તેની તેને ઈર્ષ્યા થઈને સામેથી દુઃખ વહોર્યું.

મહેમાન યજમાનનું સુંદર ઘર જોઈ રાજી થયા. આવું મારું ઘર બનાવવા માટે અભિનંદન આપ્યા. યજમાને પણ વધુ ખર્ચ કરીને મહેમાનની આગતા - સ્વાગત કરી. પરંતુ થોડા સમય પછી તેમની પડોશમાં એક ભાઈએ મોટું અને સુંદર ઘર બનાવ્યું. એ મકાનના વખાણ સાંભળી આ ભાઈને એટલું બધું ડિપ્રેશન આવ્યું કે એમણે હવે કોઈને પણ પોતાનું ઘર બતાવવાનું બંધ કર્યું. આમ થવાનું કારણ એ છે કે હવે એમને પોતાનું ઘર પેલા પાડોશીના ઘર જેટલું સુંદર અને સારું નથી લાગતું. આ કારણે જ પોતાના સુખ-દુઃખની બીજાનાં સુખ-દુઃખ સાથે તુલના કરવી એ સાચું જીવન નથી. માણસે તો માત્ર એ જ વિચાર કરવા જેવો છે કે : કોને નિરંતર સુખ મળે છે, અને પોતાને મળેલા સુખ-દુઃખ એનાં સયોગો પ્રમાણે સારાં છે.

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી